BAOU Education for All
|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# મહાત્મા ગાંધી : જીવન ઘડતર

ડૉ. યોગેન્દ્ર પારેખ

**રૂપરેખા :**

મોહનદાસ કરમચંદ ગાંધી નો જન્મ 1869 ની બીજી ઓક્ટોબરે થયો . 1869 થી 1869 સુધી ની જીવનયાત્રામાં સતત અવિરત વિકાસશીલ એવા મોહનદાસ મહાત્મા તરીકે વિશ્વમાં જાણીતા છે. તેમની પ્રથમ જીવન ચરિત્ર ફેવરેટ જોસેફ દ્વારા લખાયું ત્યારે તેમની ઉંમર 40ની હતી સમગ્ર જીવન દરમિયાન અનેક લોકોએ તેમના વિશે સંશોધનાત્મક લખેલું છે.રામનારાયણ નાગરદાસ મોહનમાંથી મહાત્મા નામનું પુસ્તક લખ્યું છે. આ શીર્ષક જ સ્પષ્ટ થાય છે કે તેમ આજે તો સમગ્ર વિશ્વમાં ગાંધી ચરીત્ર ખુબ જાણીતું છે કે મોહનદાસ કરમચંદ ગાંધી સામાન્ય માણસમાંથી અસાધારણ માણસ તરીકે આંતર બાહ્ય વિકાસ કર્યો તે માનવ જાતિના ઇતિહાસમાં અપૂર્વ ઘટના છે. 'ન ભૂતો ન ભવિષ્યતિ' તરીકે સહજ રીતે જેમનું ઉદાહરણ આપી શકાય તેવા મોહનદાસ બાળવયે ગભરુ અને શરમાળ વિદ્યાર્થી હતા. માતા-પિતાની ધર્મપરાયણતા ના કારણે તથા વ્રતપાલન માં માતાની દૃઢતાના સંસ્કાર મોહનદાસ ના ભાવજગત નું ઘડતર કરે છે. રાજચંદ્ર, ટોલ્સ્ટોય, રસ્કિન જેવાના પ્રત્યક્ષ - પરોક્ષ સંપર્કથી પ્રભાવિત બેરિસ્ટર મોહનદાસ સત્યાગ્રહી ક્રાંતિકાર બને છે. સત્ય અહિંસા અપરિગ્રહ જેવા જીવન મૂલ્યો ના પાયા ઉપર ઉપવાસ સવિનય કાનૂનભંગ અસહકાર આંદોલન જેવા રચનાત્મક કાર્યો દ્વારા દેશની જનતા ને પારદર્શી નેતૃત્વ સાંપડે છે. આ શોધપત્રમાં ગાંધીજીના જીવન ઘડતર વિશે વિસ્તારથી લખ્યું છે.

**ચાવીરૂપ શબ્દો** : મહાત્મા, મોહનદાસ, ગાંધી, સત્યાગ્રહ , અપરિગ્રહ , અહિંસા , રામ, સર્વ ધર્મ સમભાવ સેવા પરાયણતા, અન્નાહાર,

મહાત્મા ગાંધી તરીકે વિશ્વ વિખ્યાત મોહનદાસ કરમચંદ ગાંધી નું જન્મ સ્થળ પોરબંદર. ગાંધી કુટુંબ નું મૂળ વતન પોરબંદર પાસે આવેલું કુતિયાણા ગામ. મોહનદાસ કરમચંદ ગાંધી માં સાત

પેઢી પૂર્વે  લાલજી ગાંધી. અર્થાત લાલજી ગાંધી ની સાતમી પેઢી એ મોહનદાસ કરમચંદ ગાંધી. પેઢીઓથી રાજાઓ ને ત્યાં કારભારી તરીકે નોકરી કરવાની ગાંધી કુટુંબમાં પરંપરા . "જીવનનું પરોઢ" નામના પુસ્તકમાં પ્રભુદાસ ગાંધી નોંધે છે કે " રાજા ઉપર બીજી જ્ઞાતિ કે બીજા કુટુંબ ની વગ વધે તો નોકરી કરતું કુટુંબ રાજીનામું આપી પોતાના વતન માં આવી શાંતિ પૂર્વક બેસી જાય અને નાનો મોટો વેપાર ખેડી ખાય ." એટલે જ ગાંધીજી એ આત્મકથા ના પ્રારંભે જ કહ્યું છે કે , " ગાંધી કુટુંબ પ્રથમ તો ગાંધીયાણા નો વેપાર કરનારૂં હોય એમ જણાય છે." પોરબંદર જઈ વહેલા ગાંધી કુટુંબ માં  પોરબંદર રાજ્ય ની વફાદારી પૂર્વક ની નોકરી વારસામાં હતી. પિતા કરમચંદ ગાંધી નું ભણતર ઓછું હતું. હૈયા ઉકલત અને કોઠાસૂઝ થઈ રાજ્યના પ્રશ્નોના ઉકેલની તેમને સારી ફાવટ હતી. કરમચંદ ગાંધી એ પોરબંદર, રાજકોટ અને વાંકાનેર, એમ ત્રણ રાજ્યમાં દીવાનગીરી કારી હતી.

મુત્સદી, સત્ય પ્રિય અને ધર્મપ્રેમી પિતા કરમચંદ ગાંધી તથા ધર્માનુરાગી માતા પુતળીબાઈ ના સંસ્કારો નો વારસો બાળ મોહન ના ઘડતર માં ખૂબ મહત્વ નો ભાગ ભજવે છે. વૈષ્ણવ ધર્મ માતા પુતળીબા વૈષ્ણવોની હવેલીએ નિત્ય દર્શને જતા અને ચોમાસા ના ચાર મહિના એકટાણા કરતાં. વ્રત, તપ, ઉપવાસ આદિ ધાર્મિક મૂલ્યોને સેવા પરાયણતા થી વરેલી માતા પુતળીબાઈ ના જીવન અભિગમ વિશે ગાંધીજીએ આત્મકથામાં લખ્યું છે કે , " માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા પાર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજા પાઠ વિના કદી ન જમે. હવેલીએ હંમેશા જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણ માં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરા કરતી. લીધેલા વ્રત માંદી પડે તો પણ ન જ છોડે."

બાળક મોહન ના ચિત્ત ઉપર ઘેરી છાપ છોડનારા માતા પિતા ના સંસ્કારો ભવિષ્યના ઉમદા નેતાને દ્રઢનિશ્ચયી બતાવવામાં નિર્ણાયક પરિબળ બને છે . ધર્મપ્રેમી, આજ્ઞાંકિત પુત્ર મોહન નું શાળા જીવન સાધારણ બાળકો જેવું જ હતું. શરમાળ પ્રકૃતિ ના બાળ મોહન માં વિદ્યાર્થી તરીકે અસાધારણ પ્રતિભા ન હતી.પણ સત્ય પ્રીતિ અને સેવાના કુદરતી સદગુણોનો સ્વાભાવિક ક્રમ માં વિકાસ થાય એવા સંજોગો અને કસોટીઓ તેમના જીવનમાં આવી પડે છે જેથી વ્યક્તિત્વ નિર્માણ અને વિકાસની શક્યતા નિત્ય વિસ્તરતી જાય  છે.

બાલ્યકાળમાં બનેલા પ્રસંગો, ઘટના ઓ, પ્રાથમિક શિક્ષણ અને અનુભવો કોઈ પણ વ્યક્તિના સાવેગિક વિકાસ માં અને  ઘડતર માં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. પિતાશ્રીએ ખરીદેલું પુસ્તક "શ્રવણ પિતૃભક્તિ નાટક" રસપૂર્વક વાંચી ગયેલા મોહન ના ચિત પર આ  નાટક ની ઊંડી અસર પડે છે. એ દિવસોમાં કાચમાં ચિત્રો દેખાડનારા પણ આવતા, જેમાં શ્રવણ પોતાના માં બાપ ને

કાવડમાં બેસાડી યાત્રા કરવા લઇ જાય છે એ દૃશ્ય ની પણ ગાઢ અસર થાય છે. અને શ્રવણ જેવા પુત્ર થવાનો સંકલ્પ મનોમન થાય છે. સત્યવાદી હરિશ્ચંદ્ર નું નાટક જોવાનો અવસર પણ ગાંધી જીવન નો મૂલ્યવાન પ્રસંગ છે. નાટક જોવા માટે તો એકવાર જ જઈ શકાયું પણ મનોમન વારંવાર ભજવાયું; એવી ગાંધીજી ની અનુભૂતિ તેમને ભવિષ્યના સત્યવીર તરીકે ઘડતર કરવામાં નિર્ણાયક સિદ્ધ થાય છે. " હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય ?'" એવી ધૂન મોહનના મનમાં આસન જમાવે છે. હરિશ્ચંદ્ર ની ઉપર પડેલી વિપત્તિઓ ભોગવવી ને સત્યનું પાલન કરવું એવો બાળપણ માં થયેલો નિર્ધાર તપોમય જીવનનો પાયો બને છે.

સત્ય અને અહિંસા માટેની સમજ સહજ રીતે કેળવાતી જાય છે. નિશાળ માં ઇન્સ્પેકશન નો પ્રસંગ ખૂબ જાણીતો છે. અંગ્રેજી શબ્દ કેટલ (kettle) ની ખોટી જોડણી લખી બેઠેલા વિદ્યાર્થી મોહનને શિક્ષક બૂટની એની મારી ચેતવે છે. બીજા છોકરા ની પાટી માં જોઈ લઇ જોડણી સુધારવા નો ઈશારો કરી રહેલા માસ્તર ના અભિગમ થી અસહમત મોહનને ઠોઠ કરવાનું પસંદ હતું પણ ચોરી કરી ને પાંચે પાંચ શબ્દ સાચા પાડી હોંશિયાર દેખાવાનું મંજૂર નહોતું.

પંદર વર્ષ ની વયે બનેલો એક પ્રસંગ ગાંધીજીને કિશોર વયે જ સત્ય - અહિંસા નો સાર્થક અનુભવ કરાવે છે. માંસાહારી ભાઈએ પચીસેક રૂપિયાનું દેવું કરેલું. આ કરજ મુક્ત થવા ભાઈ ના હાથે બાંધેલું નક્કર સોનાનું કડું ધ્યાનમાં આવ્યું. તેમાં થઈ એકાદ તોલો સોનું વડીલો ની જાણ બહાર કપાવી કરજ ચુકવ્યું. પણ સોનાની આ ચોરીની વાત કિશોર મોહન ને માટે અસહ્ય થઈ પડે છે. અને ચિઠ્ઠી લખી ને પિતાજી સમક્ષ પોતાના દોષ ની કબૂલાત કરી. ગાંધીજીએ આત્મકથામાં નોંધ્યું છે કે, " તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિંદુ ટપકયાં, ચિઠ્ઠી ભીંજાઈ ... હું પણ રડ્યો. પિતાજી નું દુઃખ સમજી શક્યો. એ મોતી બિંદુ ના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો અનુભવ્યો હોય તે જ જાણે આવી શાંત ક્ષમા પિતાજીના સ્વાભવથી પ્રતિકૂળ હતી."

પંદર વર્ષ ની વયે મોહનદાસ મનમાં એક વાતે દૃઢતા કેળવાય છે કે સ્વદોષની નિખાલસ કબુલાત થી આત્મ શુદ્ધિ થાય છે અને શુદ્ધતમ પ્રાયશ્ચિત દોષ ની પરંપરા થઈ ઉગારી લે છે. સત્ય અને અહિંસાના ક્ષમા મૂલક સંસ્પર્શ ધરાવતો આ પ્રસંગ ગાંધીજીના જીવન ઘડતરમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે.

શિક્ષકો પ્રત્યે વિવેકશીલ અને સંતાન તરીકે આજ્ઞાંકિત એવા મોહનદાસ માં આત્મ નિરીક્ષણ અને નીરક્ષીર વિવેક હોવાના કારણે વ્યક્તિત્વ વિકાસ માટે અનિવાર્ય એવી સ્વમુલ્યાંકન ની પ્રક્રિયા સુટેવ તરીકે વિસ્તરે છે. જીવનમાં ગ્રહણ કરવા યોગ્ય વાતમાં ક્ષણનો પણ વિલંબ નહીં અને ટાળવા યોગ્ય બાબત નો ત્યાગ કરવામાં તત્પરતા તેમના વ્યક્તિત્વ ના પાયાના ગુણો છે. ભવિષ્યમાં

હરિજન સેવા અને અસ્પૃશ્યતા નિવારણના કાર્યોને અગ્રતા આપવાના હતા તે વાતનો પ્રારંભ તો બાળપણની જાગૃતિમાં  જ થઈ જાય છે. ઘરે સફાઈ કરવા આવતા ઉકા ને અડકાય નહીં એમ પરંપરાગત રૂઢિ જડતા ધરાવતા પૂતળીબા એ  બાળ  મોહનને કહેલું. આજ્ઞાંકિત એવા મોહન ને માતાની આવી સલાહ ગળે ઉતરતી નથી અને માણસ- માણસ વચ્ચે ભેદ કેવી રીતે હોઈ શકે એમ સહજ રીતે વિચારતા થાય છે.

ગાંધીજી એ આત્મકથામાં વર્ણવેલા ઘણા પ્રસંગો એમના ચરિત્ર વિકાસની રૂપરેખા નો સમ્યક પરિચય કરાવે  છે. સત્તર વર્ષ ની ઉંમરે શેખ મહેતાબ નામના ગોઠીયા- મિત્રના પ્રભાવમાં માંસાહાર કરતા થઈ જાય છે. શેખ મહેતાબ કિશોર વયના મિત્ર મોહન ને સમજાવે છે કે માંસાહાર કરવાથી શરીર મજબૂત બને, શક્તિ વધે અને અંગ્રેજોનો મુકાબલો કરી શકાય. અંગ્રેજો માંસાહાર કરે છે તેથી બળવાન છે અને આપણી ઉપર રાજ કરે છે એમ સમજાવવામાં શેખ મહેતાબ ને સફળતા મળે છે. અને ધીમે ધીમે મોહનદાસ માંસાહાર તરફ વળે છે. સત્ય પ્રીતિ માંસાહાર માંથી ઉગારે છે. જે દિવસે માંસાહાર કર્યો હોય તે દિવસે ઘરમાં બા સમક્ષ ભોજન સમયે જુઠ્ઠું બોલવું પડે છે. ભૂખ નથી કે પેટમાં દુ:ખે છે એમ ઘરે ભોજન સમયે ખોટું બોલવાના કારણે તેઓ મનમાં ખેદ અનુભવે છે. તે વખતે

પોતાની વય પ્રમાણે એમ સમજે છે કે: માંસાહાર આવશ્યક છે, તેનો પ્રચાર કરી હિન્દુસ્તાન ને સુધારીશું પણ માતા પિતા ને છેતરવા એ ઠીક નહીં. તેમના જીવતા તો માંસ  ન જ ખાય, માતા પિતા સમક્ષ અસત્ય ન બોલવું પડે એવા સંકલ્પતા કારણે જ માંસાહાર છૂટે છે.

ગાંધીજીને ઈશ્વર પ્રત્યેની  શ્રદ્ધા દૃઢ કરાવનાર ધર્મપ્રેમી માતા પિતા નું ધર્માનુરાગી વલણ તો ખરું જ, ઉપરાંત બાળપણમાં ડરપોક એવા મોહન ની દેખરેખ, સાર સંભાળ માટે રાખવામાં આવેલી રંભા નામની દાઈએ  ડર લાગે ત્યારે રામનામ લેવાનું કહ્યું. રામનામ નો આ મંત્ર જીવન તારક બને છે. ગાંધીજી એ લખ્યું છે કે  "જે બીજ બચપણ માં  રોપાયું તે બળી ના ગયું. રામનામ આજે મારે સારું અમોઘ શક્તિ છે, તેનું કારણ હું રંભાબાઇ એ રોપેલું બીજ ગણું છું."

રાજકોટની કાઠિયાવાડ હાઈસ્કૂલ ( આલ્ફ્રેડ  હાઈસ્કૂલ ) માંથી મેટ્રિકની પરીક્ષા આપવા અમદાવાદ આવ્યા. એ જમાનામાં મેટ્રિકની પરીક્ષા માટે કાઠિયાવાડ માં યુનિવર્સિટીનું કેન્દ્ર ના હતું. મોહનદાસે 625 ગુણ માંથી 248 ગુણ  મેળવ્યા અને યુનિવર્સીટી કક્ષાએ 404 નંબરે અને કાઠિયાવાડ હાઈસ્કૂલમાં પાંચમે નંબરે ઉત્તીર્ણ થયા. આગળ ઉચ્ચ અભ્યાસ માટે ભાવનગર શામળદાસ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. શામળદાસ કોલેજ એ દિવસોમાં વખણાતી હતી. પ્રતિષ્ઠિત અધ્યાપકો હતા. પણ યુવાન મોહનદાસને શામળદાસ કોલેજમાં ભણવાનું રુચ્યું નહીં. 1888 ના એપ્રિલ ની તેરમી તારીખે

પ્રથમ સત્ર બાદ રજાઓ ગાળવા રાજકોટ આવેલા મોહનદાસ પોતાના મોટાભાઈ લક્ષ્મીદાસ ની સાથે પરિવાર ના હિતેચ્છુ મિત્ર માવજી દવે ને મળવા જાય છે. પિતાજી ના અવસાન બાદ માવજી દવે ગાંધી કુટુંબ ના માર્ગદર્શક મિત્ર ની ભૂમિકા નિભાવે છે. મોહનદાસ વિલાયત જઈને ભણે તો બાપ - દાદા ની ગાદી સંભાળશે એવી માવજી દવે ની સલાહ મળે છે. વિલાયત જઈ ને ડૉક્ટરીનો અભ્યાસ કરવાની મોહનદાસ ની ઈચ્છા છે પણ મોટાભાઈ લક્ષ્મીદાસ ઇચ્છતા નથી કે મોહનદાસ વૈષ્ણવ નો દીકરો થઈ ને હાડમાંસ ચૂથવાના વ્યવસાય માં પડે. માવજી દવે ને દાક્તરી ના ધંધા પ્રત્યે અણગમો ના હતો. પણ તેમની ઈચ્છા મોહનદાસ ને દીવાનપદે જોવાની હતી. મોહનદાસ વિલાયત જઈ બેરિસ્ટરી નો અભ્યાસ કરે અને પોરબંદર આવી બાપ દાદા ની ગાદી સંભાળે એવી ઈચ્છા માવજી દવે વ્યક્ત કરે છે. આખરે મોહનદાસને બેરિસ્ટર નું ભણવા માટે વિલાયત મોકલવાનો નિર્ણય લેવાય છે. જે તેમના જીવનમાં મહત્વના વળાંક રૂપે સિદ્ધ થનારી ઘટના છે.

ધર્મપ્રેમી કુટુંબમાં દીકરો દરિયા પાર કરી ને વિલાયત ભણવા જાય એ રૂઢિચુસ્ત સમાજ ને અનુકૂળ આવે તેમ ન હતું. વળી, વિલાયતમાં ખાન- પાન અને રહેણીકરણી માં ધર્મ ભ્રષ્ટ થવાનું જોખમ હતું તેથી માતા પૂતળીબાઈ તો દીકરો બગડી જશે ઈવા ભયમાં હતા. દીકરો વિલાયત જઈ ને બેરિસ્ટર થાય એ ગમતું હોવા છતાં ચાર વર્ષનો વિયોગ અને ધર્મ ભ્રષ્ટ થવાની ભીતિ થી અકળામણ અનુભવતાં પૂતળીબા જૈન સાધુ બેચરજી સ્વામી ની સલાહ લે છે.

બેચરજી સ્વામી પૂર્વાશ્રમ માં મોઢ વણિક હતા. માવજી દવે ની જેમ બેચરાજી સ્વામી પણ ગાંધી કુટુંબના સલાહકાર હતા. પુત્ર ને વિલાયત મોકલવા વિશેની માતાની મથામણ નો ઉકેલ લાવતા જૈન સાધુ બેચરજી સ્વામીએ વિલાયત જવા બાબત ના નિર્ણયને યોગ્ય ગણાવ્યો અને મોહનદાસને ત્રણ વસ્તુ ની પ્રતિજ્ઞા લેવડાવી. સ્વામીએ મોહનદાસને માંસ, મદિરા અને પરસ્ત્રી ગમન થી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી. મોહનદાસ ની માતા અને સમગ્ર પરિવાર ના મનનું સમાધાન થયું. ત્રણ પ્રતિજ્ઞા વિશે મોહનદાસ ગંભીર હતા. પ્રતિજ્ઞા નું મહત્વ જાણતા હતા સાવ સામાન્ય કહેવાય એવા યુવાન મોહનદાસ ની મહાત્મા તરીકેની ગતિમાન આ ત્રણ પ્રતિજ્ઞા આગવું મૂલ્ય છે. લીધેલી ટેક તોડાય નહી એ તેમની સમજ હતી. અંતરાત્માના અવાજને અનુસરવું એ તેમનો ધીમે ધીમે કેળવાતી જતો સ્વભાવ હતો. આ ત્રણ પ્રતિજ્ઞા તેમને ઘણી મુશ્કેલીઓ માંથી ઉગારી લે છે.

શામળદાસ કોલેજ ભાવનગર થી પરત આવેલા મોહનદાસ મૂળ તો રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલ ના વિદ્યાર્થી. તે કાળે રાજકોટની શાળાનો વિદ્યાર્થી વિલાયત ભણવા જાય; તેવા ઉમદા નિમિત્તે શાળામાં મોહનદાસને વિદાયમાન આપવા ૪થી જુલાઈ ૧૮૮૮ના દિવસે એક કાર્યક્રમ

યોજાયો. વિદાયમાનના પ્રતિભાવમાં મોહનદાસે ઘરેથી જે લખી લાવ્યા તે સૌની સમક્ષ વાંચી સંભળાવ્યું, "આગળ અભ્યાસ અર્થે હું લંડન જઈ રહ્યો છું. મારા વિદેશગમનનાં તરેહ તરેહના અનેક વિઘ્નો આવ્યા, પણ ઈશ્વર કૃપાથી એ વિઘ્નો પાર કરીને હું વિલાયત જાઉં છું. બીજા વિદ્યાર્થીઓ મારા દાખલો લેશે અને ઇંગ્લેન્ડ થી આવ્યા બાદ હિન્દુસ્તાનમાં સુધારાના મોટા કામો કરવામાં પોતાના જીગર થી ગૂંથાઈ જશે એવી મને આશા છે." કાર્યક્રમના આઠ દિવસ બાદ કાર્યક્રમનો અહેવાલ તે વખતના કાઠીયાવાડ ટાઇમ્સમાં પ્રગટ થયેલો. ગાંધીજીના જીવનના પ્રથમ જાહેર વક્તવ્યમાં અઢાર (૧૮) વર્ષની વયે પણ સુધારાના મોટા કાર્યો કરવા વિશેની સમજ તો પડેલી જ છે; તે જોઈ શકાય છે.

જૂનાગઢના એક વકીલ; જેમનું નામ ત્રંબકલાલ મજમુદાર હતું તેઓ બેરિસ્ટર થવા માટે વિલાયત જઈ રહ્યા છે એવા સમાચાર મળતા જ મોહનદાસ ગાંધી૧૮૮૮ના સપ્ટેમ્બરની ચોથી તારીખે મુંબઈ થી વિલાયત જવા સ્ટીમરમાં વિદાય થાય છે. મુંબઈ થી ઉપડેલી કલાઈડ નામની સ્ટીમર ૧૮૮૮ના ઓક્ટોબર માસની ૨૮મી તારીખે વિલાયત પહોંચાડે છે.

વિલાયતમાં શરૂઆતના દિવસોમાં માંસ મદિરા નહિ સેવાની પ્રતિજ્ઞાનું પાલન કરવામાં ભારે કસોટી થાય છે. દાકતર પાણજીવન મહેતા જેવાના સાથથી તેમના એક મિત્રના કુટુંબમાં રહેવાની સગવડ થાય છે. વિલાયત માં માંસાહાર વગર રહી જ ન શકાય એવા મિત્રો સમક્ષ માતા સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા ઢાલની જેમ તેમના ધર્મનું રક્ષણ કરે છે. ભોજન બાબતે ઘણી મુશ્કેલીઓ અનુભવી. રોજ દસ બાર માઈલ ચાલીને જ્યાં ઓછો ખર્ચ થાય તેવી સાદી કે ગરીબડી કહેવાય એવી હોટલમાં પેટ ભરી લે. રોજ ભોજનની સમસ્યાના સમાધાન માટે ભટકતાં મોહનદાસ એક દિવસ ફેરીંગડન સ્ટ્રીટમાં "વેજિટેરિયન રેસ્ટોરાં" જોઈ જાય છે. ગાંધીજીએ આત્મકથામાં લખ્યું છે કે 'નાના બાળકોને મનગમતી વસ્તુ મળવાથી જે આનંદ થાય' એવો આનંદ તેમને થયો. 'હર્ષઘેલો' થઈ અંદર પ્રવેશ્યા. એ રેસ્ટોરાંમાં તેમણે જાણીતા લેખક સોલ્ટ નું પુસ્તક, 'અન્નાહાર ની હિમાયત' જોયું. એક શિલિંગ માં એક પુસ્તક ખરીદી પછી જમવા બેઠા. લંડનમાં પગ મૂક્યા પછી પહેલીવાર પેટ ભરીને જમ્યા. માંસ નહીં ખાવાની પ્રતિજ્ઞાનું પાલન સરળ બન્યું. ગાંધીજીને જે બાબત આચરણ કરવા યોગ્ય લાગે છે તેનું આચરણ કરવામાં આવતા અનેક વિઘ્નોનો સામનો કરવાની તેમની તત્પરતા એમના જીવનનું પ્રમુખ લક્ષણ છે. અનનાહાર પરની શ્રદ્ધા દ્રઢ બની અને અન્નહાર પરના પુસ્તકો વાંચીને તેનો પ્રસાર કરવાની દિશામાં સક્રિય થયા. વિલાયતમાં ભણવા ગયેલા યુવાન વિદ્યાર્થી મોહનદાસ ના હાથમાં જાહેર કહી શકાય એવું પહેલું કામ આવ્યું શાકાહારનો પ્રસાર, પ્રચાર, હિમાયત. ખોરાકના અનેકવિધ અખતરાઓનો પ્રારંભ થયો, જે જીવન પર્યંત ચાલવાનો હતો. જે વિસ્તારમાં રહેતા હતા ત્યાં

શાકાહારી મંડળ' સ્થાપ્યું. તેના મંત્રી થયા. મંડળના ઉપક્રમે વ્યાખ્યાનો આપ્યાં. અને 'વેજિટેરિયન' નામના સામાયિકમાં લેખો પણ લખ્યા. આમ, વેજિટેરિયન ના સથવારે શાકાહાર નો પ્રસાર કરવામાં સક્રિય મોહનદાસ ગાંધી શાકાહારી તરીકે જાણીતા થયા. કાયદાના અભ્યાસનો પ્રારંભ થયા પછી તેની સમાંતરે જીવન વિકાસ નો સહજ ઉપક્રમ રચાતો ગયો એમાં શાકાહારી જીવન પ્રકરણ પણ ખૂબ જ નોંધપાત્ર ગણાય. સદગૃહસ્થના ઘરે રહેતા હતા તેને બદલે બે ઓરડી ભાડે રાખી રહેવાનું શરૂ કર્યું, અને જાતે રસોઈ બનાવવા લાગ્યા. રોજ દસ થી બાર માઈલ ચાલવાના કારણે શરીર કસાયેલું થયું. સાદું, પૌષ્ટિક ભોજન બનાવી લેતા. સ્વાદ પર વિજય મેળવવાની અસ્વાદ વ્રતની શરૂઆત આ રીતે જ થઈ ગઈ હતી. દક્ષિણ આફ્રિકામાં એડોલ્ફ જુસ્ટ નું સુપ્રસિદ્ધ પુસ્તક " Return to Nature " વાંચવામાં આવ્યું. અને તેમણે કુદરતી ઉપચાર ના પ્રયોગો આદર્યા.

જીવન ઘડતરની નિત્ય પાઠશાળા ની જેમ એક પછી એક અનુભવોથી ઘડાતા રહ્યા. કહી શકાય કે અનુભવતી પાઠશાળામાં કેળવણી પ્રાપ્ત થઈ. રાજકોટ મુંબઈ ના વસ્ત્રો ઇંગ્લેન્ડમાં જુનવાણી લાગે તેથી વિલાયતમાં પોતે દેશી ના લાગે એવા ખ્યાલથી ત્યાંની ફેશનને અપનાવવાના હેતુથી અંગ્રેજી બનો છેલ્લી ફેશનના પોશાક તૈયાર કરાવ્યો. ટાઈ બાંધતા શીખ્યા. આટલી વાત પૂરતી ન લાગી. ફ્રેન્ચ ભાષા આવડે તો મોંભો પડે. સભ્ય ગણવા માટે પશ્ચિમની ઢબનું નૃત્ય આવડવું જોઈએ, વકૃત્વકળામાં પણ કુશળતા હોવી જોઈએ એવા અભિગમથી ડાન્સની તાલીમ માટે વર્ગમાં જોડાયા. વાયોલીન શીખવા માટે પણ પૈસા ભર્યા. ભાષણ કરતાં શીખવા માટે એક શિક્ષક ની પાસે તાલીમ લેવાનું શરૂ કર્યું. બેરિસ્ટર થવા વિલાયત ગયેલો યુવાન મોહનદાસ ટાપ ટીપમાં ખોવાયો. આ બધી ફેશન કેટાપ ટીપ પાછળ ખૂબ ખર્ચ થતો, જે રાજકોટ થી મોટા ભાઈ મોકલતા. આ બધા શોખ કરવા પાછળ ફેશનેબલ દેખાવા કરતાં ઈંગ્લેન્ડમાં હિંદીઓનું ખરાબ ના દેખાય એ આશય હતો. પશ્ચિમના લોકો જેવા સુધરેલા દેખાવાના ભ્રમમાંથી થોડા સમયમાં જ મુક્ત થયા અને સમજાયું કે પોતે તો બેરિસ્ટર થવા, અભ્યાસ કરવા ઇંગ્લેન્ડ આવ્યા છે. વિલાયતમાં અંગ્રેજો વચ્ચે આખો જનમારો તો કાઢવાનો નથી. આવો ચિત્ત ઝબકાર એમના પરિવર્તનમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. પાશ્ચાત્ય સુધારાની નકલ કરવાની ધૂન થોડો સમયમાં ઉતરતી ગઈ અને અભ્યાસમાં ધ્યાન આપવા લાગ્યા. કાયદાના અભ્યાસ ઉપરાંત બીજો વિશેષ અભ્યાસ કરવાની ઈચ્છા થવાથી તેમને લંડન ની મૅટ્રિકની પરિક્ષા પાસ કરવાનું નક્કી કર્યું. મેટ્રિક થવા માટે લેટિન ભાષાના ફરજિયાત હતી. પાંચેક મહિના ની મહેનતને અંતે બે પ્રયત્ને મેટ્રિકની પરીક્ષા પાસ કરી અને લેટીન ભાષા શીખ્યા.

લંડનનો ત્રણ વર્ષનો અભ્યાસકાળ તેમના જીવનઘડતરમાં નિર્ણાયક પુરવાર થાય છે. કાયદાનો અભ્યાસ, ચારિત્ર્યની કસોટી થાય એવા પ્રસંગોમાં આત્મબળનો વિજય,સ્વદોષ વિશેનું આત્મનિરીક્ષણ અને પ્રતિજ્ઞા પાલનની વિષમ પરિસ્થિતિઓમાં અવિચળ સંકલ્પ નિષ્ઠાના કારણે ભવિષ્યમાં મહાનાયક થવાના પરિબળોના બીજ સહજતાથી રોપતા જાય છે. વિલાયતમાં અભ્યાસ કરતી વખતે નાગરિક ધર્મની સહજ ઉપલબ્ધિ ની સમાંતરે જાગૃત મનુષ્ય તરીકે સ્વવિકાસની ક્ષણેક્ષણને ગાંધીજી ઉકેલવા મથે છે. ઇતર વાંચન તેમના વ્યક્તિત્વને બહુ પરિમાણીય બનાવે છે. ઇંગ્લેન્ડમાં બે થિયોસોફીસ્ટ મિત્રો એ ગાંધીજી સાથે ભગવદ્ ગીતા વાંચવાની ઈચ્છા વ્યક્ત કરી. એડવીન આર્નોલ્ડના 'બુદ્ધ ચરિત્ર' વાંચવાની ભલામણ પણ આથિયોસોફીસ્ટ મિત્રોએ કરી. થિયોસોફીસ્ટ ના પુસ્તકો વાંચીને જ હિન્દુ ધર્મગ્રંથો વાંચવા માટે ઉત્સુક થયા. બાઇબલ નો નવો કરાર પણ વાંચ્યો.

દક્ષિણ આફ્રિકા હતા તે દરમ્યાન ધર્મમંથન અને જીવનમાર્ગની શોધના દિવસોમાં શ્રીમદ રાજચંદ્ર સાથેનો પત્ર વ્યવહાર ખૂબ માર્ગદર્શક પુરવાર થાય છે. વિલાયતી બેરિસ્ટર થઈને સ્વદેશ પાછા ફર્યા ત્યારબાદ મુંબઈમાં રાયચંદભાઈએ જ પછીથી શ્રીમદ રાજચંદ્ર તરીકે જાણીતા થયા. તીવ્ર સ્મરણશક્તિ, આધ્યાત્મિક દ્રષ્ટિકોણ, વિવિધ દર્શનોનો તુલનાત્મક અભ્યાસ, સંસારના લૌકિક વ્યવહારો પ્રત્યે સહજ રીતે કેળવાયેલી અનાશક્તિથી રાયચંદભાઈ પ્રત્યે ગાંધીજીને ખૂબ આદર હતો. તે કાળના હિન્દના બધા દાર્શનિકો માં ગાંધીજીએ એમને શ્રેષ્ઠ ફિલોસોફીમાંના એક કહેલા, ગાંધીજી અને શ્રીમદજી વચ્ચે ધર્મચર્ચા - આધ્યાત્મ ચર્ચાનો લાંબો પત્ર વ્યવહાર થયો. બન્ને વચ્ચે લગભગ બસ્સો જેટલા પત્રોની આપ-લે થઇ હોવાનું શ્રીમદજી વિશે અભ્યાસ કરનાર નેમચંદગાલા એ નોંધ્યું છે. શ્રીમદ સાથેના દીર્ઘ પત્રવ્યવહાર બાદ સ્વધર્મ વિશેની શ્રદ્ધા દ્રઢ બને છે. ગાંધીજીએ નોંધ્યું છે કે " હિન્દુ ધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી એની પ્રતીતિ મળે નિષ્પક્ષતાપણે વિચારતા થાય છે " શ્રીમદજી સાથેના પત્રવ્યવહાર અને સત્સંગનું ગાંધીજી પર ત્રણ બાબતો ની વિશેષ છાપ પડે છે:

એક ધાર્મિક ક્ષેત્રમાં ; અહિંસા.

દર્શન ક્ષેત્રમાં અનેકાંતવાદ

નૈતિક ક્ષેત્રમાં વ્રત દ્વારા આરાધના.

દક્ષિણ આફ્રિકામાં ઘણા અંગ્રેજી મિત્રો થયા, તેમાં પોલાક નું નામ ખૂબ જાણીતું છે. એક વખત જોહાનીસબર્ગ થી ડર્બન જતા હતા ત્યારે વળાવવા આવેલા આ મિત્રએ એક પુસ્તક ભેટ આપ્યું. ઇંગ્લેન્ડના લેખક રાસ્કિન નું એ પુસ્તક "અન ટુ ધિસ લાસ્ટ" ગાંધીજીએ વાંચવાનું શરૂ કર્યું. અને

ડરબન  સુધીની સફરમાં પૂરું કર્યું. આ પુસ્તકની તેમના ચિત્ત પર સ્થાયી અસર પડી, રસ્કિન પાસેથી આ પુસ્તકના માધ્યમથી તેમને ત્રણ પ્રેરણા મળી :

1) સૌના ભલામાં આપણું ભલું રહેલું છે.

2) વકીલ તેમજ વાળંદ બંનેના કામ ની કિંમત એક સરખી હોવી જોઈએ.

3) સાદું, મજૂરીનું ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

આખી રાત તેમનું મન પુસ્તકના વિચારે ચડી ગયું. પુસ્તકમાં દર્શાવેલ આ આદર્શોને જીવનમાં ઉતારવાની મથામણ ચાલી. ત્યાં જ્યાં યોગ્ય વસ્તુનો ત્યાગ કરવો અને ગ્રહણ કરવા યોગ્ય વિચાર નો વિના વિલંબે અમલ કરવો, એ ગાંધીજીના વ્યક્તિત્વનું મૂલ્યવાન લક્ષણ હતું.  ડરબનથી તેર માઈલ દૂર આવેલી ફળદ્રુપ જમીન જોવા તેઓ ગયા.  ખેતીવાડી થઈ શકે એમ લાગ્યું પંદર હજાર રૂપિયા માં એક સો એકર જમીન તેમણે ખરીદી અને ત્યાં આદર્શ સમૂહજીવન ની સંકલ્પના આકાર કરતાં આશ્રમની સ્થાપના કરી અને તેને "ફિનિક્સ" નામ આપ્યું.

રસ્કિનની જેમ ટોલ્સ્ટોય પણ ગાંધીજી માટે ખરા અર્થમાં માર્ગદર્શક હતા. અઢળક સંપત્તિના માલિક, જમીનદાર ટોલ્સ્ટોય સંપત્તિનું વિસર્જન કરી સાધારણ ખેડૂત તરીકે જીવવાનું પસંદ કરે છે એ વાતની ગાંધીજી પર ઊંડી અસર પડી, ટોલ્સ્ટોયનું પુસ્તક "ધ કિંગડમ ઓફ ગોડ ઇસ વિધિન યૂ" (વૈકુંઠ તારા હૃદયમાં છે)  ની પણ ઘેરી અસર ગાંધીજીના જીવનમાં પડે છે. રોટી માટે શ્રમ અનિવાર્ય છે, અપરિવર્તનીય કાનૂન છે એવા ટોલ્સ્ટોયના વિચારોએ શ્રમમૂલક જીવન વ્યતીત કરવા માં ગાંધીજી ને દૃઢ મૂળ કર્યા.

શ્રીમદ રાજચંદ્ર રસ્કિન અને ટોલ્સ્ટોય જેવા માર્ગદર્શક મહાપુરુષોના જીવનમાં સનાતન માનવમૂલ્યો ની સહજ પ્રતિષ્ઠા ગાંધીજીના જીવનમાં સીધી ઉતરે છે. ત્રણેય માર્ગદર્શકો સાધન-સંપન્ન હતા. શ્રીમદજી ઝવેરી હતા, રસ્કિન અને ટોલ્સ્ટોય પણ અપાર સંપત્તિના માલિક હતા. ત્રણેયનો સંપત્તિ વિશેનો અનાશક્તિ ગાંધીજીના જીવન અભિગમને ઘડે છે. દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમ અને ટોલ્સ્ટોય ફાર્મની સ્થાપના અને ત્યારબાદ અમદાવાદ ખાતે સાબરમતી આશ્રમમાં  શરીરશ્રમ, સાદગી, ઉંચા વિચારો, સમૂહજીવન, સમાનતા, સ્વચ્છતા, બંધુતા જેવા જીવનમૂલ્યોને રોજબરોજના જીવનનો ભાગ બનાવે છે.

ગાંધીજીએ આત્મકથામાં મોક્ષને પોતાના જીવનનું અંતિમ લક્ષ્ય ગણાવેલ છે. મોક્ષની પ્રાપ્તિ સેવા દ્વારા કરવાનો ઉદેશ તેમને ઉમદા જાહેર સેવક બનાવે છે. અસ્પૃશ્યતા નિવારણના  કેળવેલા સંસ્કાર તેમને સર્વકાલીન મહાન સુધારક તરીકે પ્રતિષ્ઠિત કરે છે. શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનો આદર્શ આશ્રમ જીવનની સંકલ્પના દ્વારા સાકાર કરવાનો પ્રામાણિક પુરુષાર્થ તેમને મૂઠી ઊંચેરા માનવી

તરીકે ઓળખાવે છે. હિંદને અંગ્રેજોના શાસનમાંથી મુક્ત કરવાની જવાબદારી અને સર્વધર્મ સમભાવની ભૂમિકાએ કોમી એકતા માટે જીવનભરના પ્રયાસો, નિર્દંભ જીવનશૈલી, પ્રતિપક્ષ માટે આદર, કરુણાનો ભાવ, ગ્રામોદ્ધારની ભાવના, અંત્યોદય વિશેની કાર્યશીલ જાગૃતિ હિંદીની પ્રજાના હૃદયમાં રાષ્ટ્રપિતા તરીકે તેમને પ્રતિષ્ઠિત કરે છે.

વ્યાપક અને વૈવિધ્યપૂર્ણ જીવનનું ઘડતર અંતરાત્માના અવાજને અનુસરવાની નૈષ્ઠિક સુટેવનું પરિણામ છે. ગાંધીજીના સત્યાગ્રહો અને રચનાત્મક કાર્યક્રમો રાષ્ટ્રીય કેળવણીનું મૂલ્યવાન પ્રકરણ છે.

સંદર્ભ :


1) જીવનનું પરોઢ - પ્રભુદાસ ગાંધી
2) સત્ય ના પ્રયોગો - મોહનદાસ કરમચંદ ગાંધી
3) મારું જીવન એ જ મારી વાણી - નારાયણ દેસાઈ
4) શાશ્વત ગાંધી કથા સાર - યોગેન્દ્ર પારેખ



ડૉ. યોગેન્દ્ર પારેખ

પ્રોફેસર,

ગુજરાતી વિભાગ,

ડો બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.